## જન્મદિને વધામણી



ડો. અતુલ એચ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૨૬૭૬૪



તન્મય પટેલ
'કીપ સ્માઈલિંગ' ગૃપ
મો. ૯૧૫૭૬ ૩૭૮૭૭



ઉર્મિલા નિકુંજ વૈશ્ય
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪

### શ્રીમતી આર ઍન પટેલ પ્રાયમરી સ્કૂલના

# વિદ્યાર્થીઓએ જૈન આરાધના કેન્દ્ર અને અડાલજ વાવની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિતા શ્રીમતી આર ઍન પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ અભ્યાસના ભાગરૂપે જૈન આરાધના કેન્દ્ર, કોબા તથા અડાલજ વાવની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

ધોરણ-૬ના ૧૮૦ વિદ્યાર્થીઓ તથા ૪ શિક્ષકો આ શૈક્ષણિક મુલાકાતમાં જોડાયા હતા.

જૈન આરાધના કેન્દ્રના અધિકારી દ્વારા ભોજપત્રો, તાડપત્રો, તામ્રપત્રો, શિલાલેખો સહિતનું નિદર્શન કરાવી તેના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ ઐતિહાસિક અવશેષો પ્રત્યક્ષ નિહાળી તે અંગેના જ્ઞાનને વધુ સુદૃઢ બનાવ્યું હતું તથા પથ્થર ઉપર સુંદર કોતરકામ જોઈ શિલ્પ સ્થાપત્ય કલા અંગે માહિતી મેળવી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ અડાલજ ખાતે સ્થિત પ્રખ્યાત વાવની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ એ વાત પણ જાણી કે આ વાવ રૂડાબાઈએ બંધાવી હતી તથા અડાલજનું પુરાણ નામ ગઢ પાટણ હતું. વાવા પાંચ માળની છે અને છઠ્ઠા માળના બાંધકામમાં બે ઘુમ્મટ તથા ત્રણ દરવાજાની કમાનનો બાકી રહી ગઈ હતી. રાણી એક સતી હોવાથી તેમણે આ વાવમાં જળસમાધિ લીધી હતી. વાવના પ્રાચીન અવશેષો આજે પણ ભૂગર્ભમાં હયાત છે.

વાવ ઉપરાંત તેની આસપાસના સૌંદર્યને પણ વિદ્યાર્થીઓએ મન ભરીને માણ્યું હતું.

# ડભોડા ઍમ ઍચ વિદ્યામંદિર ખાતે કાનૂની શિક્ષણ અને બાળસુરક્ષા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે સ્થિત શ્રી ઍમ ઍચ વિદ્યામંદિરના પટાંગણમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમના બાળકોના અધિકારીઓ અને બાળ સુરક્ષા અંગે કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સુધીરભાઈ દેસાઈએ રાઈટ ટુ ઍજ્યુકેશન, સીતારામભાઈ પટેલે ધર્મ અને કાયદાની વ્યાવહારિક સમજ તથા ઉપયોગિતા, બાળ સુરક્ષા એકમના અધિકારી સંજયભાઈ પટેલે સુરક્ષા અંતર્ગત બાળકોની સુરક્ષા અને સલામતી અંગે સરકારી યોજનાઓ, પાલક માતાપિતાની યોજના, ગાયત્રીબેન ઉપાધ્યાયે બાળકોને મળતા મૂળભૂત અધિકારોની સમજૂતિ આપી હતી.

આ શિબિરમાં પૅરાલીગલ સ્વયંસેવક નટુભાઈ પટેલ, રામભાઈ પરમરા, જયરામભાઈ સોની, મણીભાઈ સોલંકી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર શિબિરનું સુંદર આયોજન રાજુભાઈ ગજ્જરે કર્યું હતું. આ ઉપયોગી કાર્યક્રમના આયોજન બદલ શાળાના આચાર્ય અશોકભાઈ મોદી તથા સ્ટાફ પરિવારે બંને સંસ્થાઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ



## વર્ગના ચૂંટાયેલા મંત્રીઓ દ્વારા મતદાન કરાવીને શાળાના પ્રતિનિધિઓની નિમણૂંક કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી.

વર્ગના ચૂંટાયેલા મંત્રીઓ દ્વારા મતદાન કરાવીને શાળાના પ્રતિનિધિઓની નિમણૂંક કરવામાં આવી હતી.

આ ચૂંટણીમાં પ્રમુખ તરીકે કાજલ ભારમલભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ઈશિતા દેવેન્દ્રકુમાર પરમાર, પુસ્તકાલય મંત્રી દિયા બી પ્રજાપતિ, પ્રિયંકા કે બિહોલા, મનોરંજન મંત્રી ઉર્જા એન ઝાલા, નિશ્વા આર ચૌધરી, સફાઈ મંત્રી સોનાલી ડી પરમાર, અદિતિ વિ ભાવસાર, શિસ્ત મંત્રી ભાવના વી ચૌધરી, હિના સી ચૌધરી, લાઈન મંત્રી અલકા આર ચૌધરી, નેન્સી ડી પટેલ, પ્રવાસ મંત્રી શિવાની ડી દરજી, ક્રિષ્ના આર દેસાઈ, રમતગમત મંત્રી નીતા આર ચૌધરી, ઋતુ આર ચૌધરી તથા ઊર્જા મંત્રી તરીકે પૂજા ઍમ ચૌધરી વિજેતા થયાં હતાં.

ચૂંટાયેલા મંત્રીમંડળને શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી તથા સુપરવાઈઝર ચારૂબેન, વર્ષાબેન, કેળવણી મંડળના સભ્ય શંકરભાઈ ચૌધરી તથા વ્યાયામ શિક્ષિકા બહેનો વિનાક્ષીબેન, લીલાબેન, હેતલબેને શુભેચ્છાઓ પાઠવી હતી.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-3**

ટારઝન (૩ડી, અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫

ટારઝન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**

જુનૂનિયત
૧૦.૦૦, ૧.૦૦

દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦

રમણ રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૫**

શોરગુલ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦

જુનૂનિયત
૬.૪૫

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા ફરતા પશુ દવાખાનાનો પ્રારંભ કરાયો



## ફરતા પશુ દવાખાનાને દહેગામ તાલુકાના સાણોદા ગામ ખાતે પ્રથમ પશુ સારવાર માટે પહોંચતું કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા શુક્રવારે ફરતા પશુ દવાખાનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ફરતા પશુ દવાખાનાનો કામધેનૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રૉ ઍમ સી વાર્ષ્ણેયે કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન ખાતેથી લીલી ઝંડી આપી દહેગામ તાલુકાના સાણોદા ગામ ખાતે પ્રથમ પશુ સારવાર માટે રવાના કરી હતી.

સાણોદા ગામના પશુપાલકો દ્વારા ફરતા પશુ દવાખાનાની સેવાને હર્ષભેર આવકારવામાં આવી હતી. બહોળી સંખ્યામાં પશુ પાલકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આધુનિક સાધનોથી સજ્જ આ પશુ દવાખાના દ્વારા પશુ સારવાર અર્થે જુદાં-જુદાં ગામોને આવરી લેવામાં આવશે.

કામધેનુ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડૉ ડી બી પાટીલ, સહ સંશોધક નિયામક ડૉ. આર જી શાહ, મદદનીશ પ્રાધ્યાપક ડૉ. વિશાલ ઍસ સુથાર તેમજ કામધેનુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા આ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# ઍમઈ-ઍમફાર્મમાં ઍડમિશન માટે ચોથી જુલાઈથી કાર્યવાહી

ગાંધીનગર, તા. ૨

માસ્ટર ઈન એન્જિનિયરિંગ અને માસ્ટર ઈન ફાર્મસી માં પ્રવેશ માટે એડમિશન કમિટી દ્વારા ૪ જુલાઈથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એમ. ઈ. અને એમ. ફાર્મ.માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ૪ જુલાઈથી ૧૧ જુલાઈ સુધી રજિસ્ટ્રેશન કરાવી શકશે. ત્યારબાદ ૧૬ અને ૧૭ જુલાઈના રોજ PGCET યોજાશે. આ વર્ષે એમ.ઈ. અને એમ. ફાર્મ.ની ૧૦૮૯૫ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. ગત વર્ષે એમ.ઈ. અને એમ. ફાર્મ.ની પ્રવેશ કાર્યવાહીના અંતે ૭૩૧૩ બેઠકો ખાલી પડી હતી.

આ વર્ષે એમ.ઈ. અને એમ. ફાર્મ.માં પ્રવેશ માટે એડમિશન કમિટી દ્વારા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૪ જુલાઈથી એમ.ઈ. અને એમ. ફાર્મ.માં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનનો પ્રારંભ થશે. આ કાર્યવાહી ૧૧ જુલાઈ સુધી ચાલુ રહેશે. ત્યારબાદ આ જ સમયગાળા દરમિયાન હેલ્પ સેન્ટર પર વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાના રહેશે. ૧૬ અને ૧૭ જુલાઈના રોજ PGCET યોજાશે. ત્યારબાદ ૨૩ જુલાઈના રોજ એડમિશન કમિટી દ્વારા મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. મેરિટ લિસ્ટ જાહેર થયા બાદ મોક રાઉન્ડ શરૂ થશે અને તેમાં વિદ્યાથીઓ ૨૫ જુલાઈથી ૨૭ જુલાઈ દરમિયાન ચોઈસ ફિલીંગ કરી શકશે. વિદ્યાર્થીઓની પ્રથમ પ્રવેશ યાદી ૩ ઓગસ્ટના રોજ એડમિશન કમિટી દ્વારા જાહેર કરાશે. ત્યારબાદ ૧૧ ઓગસ્ટથી શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. આ વખતે એમ.ઈ.-એમ.ટેક.ની ૭૫ કોલેજોની ૬૭૦૦ બેઠકો અને એમ.ફાર્મ.ની ૭૦ કોલેજોમાં ૪૧૯૫ બેઠકો મળી કુલ ૧૦૮૯૫ બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવનાર છે.

અલબત્ત, ગત વર્ષની માફક આ વખતે પણ એમ.ઈ. અને એમ.ફાર્મ.માં મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડે તેવી શક્યતા જોવામાં આવી રહી છે.

### ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે

# વાલીઓની ૨૦૧૭માં પણ 'નીટ'માંથી મુક્તિની માગણી

ગાંધીનગર, તા. ૨

સરકાર દ્વારા વટહુકમ લાવીને ૨૦૧૬માં તો વિદ્યાર્થીઓને નીટમાંથી મુક્તિ અપાવી દેવાઈ છે. પરંતુ ચાલુ વર્ષે ધોરણ-૧૨ સાયન્સમાં આવેલા વિદ્યાર્થીઓના વાલીઓ આગામી વર્ષ એટલે કે ૨૦૧૭માં પણ વિદ્યાર્થીઓને 'નીટ'ની પરીક્ષામાંથી મુક્તિ મળે તેવી માંગણી કરી રહ્યા છે. આ મુદ્દે તેમણે રાજ્યના મુખ્યમંત્રીને પણ રજૂઆત કરી હોવાના સમાચારો અખબારોમાં પ્રકાશિત થયા છે.

આ વર્ષે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા NEETને લઈને વધારાની એક પુસ્તિકા વિદ્યાર્થીઓને આપવામાં આવી છે. પરંતુ વાલીઓ આ પુસ્તિકા નીટ માટે પુરતી ન હોવાનું જણાવી સમગ્ર અભ્યાસક્રમ બદલવો પડે એવી ફરિયાદ ઉચ્ચારી રહ્યા છે.

જૂન-૨૦૧૬થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી ધોરણ-૧૨ સાયન્સ બી ગૃપમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ નીટની પરીક્ષાને લઈને ભારે મૂંઝવણ અનુભવી રહ્યા છે. આ મુદ્દે વાલીઓએ રાજ્યના મુખ્યમંત્રીને પણ રજૂઆત કરી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના એક આવકારદાયક પરંતુ કસમયે આવેલા નીટ અંગેના ચુકાદાને કારણે અમારા બાળકોને કારણ વગર અન્યાય ભોગવવાનો વારો આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સમક્ષ યોગ્ય રજૂઆતને પગલે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય બોર્ડના વિદ્યાથીઓને નીટમાંથી આ વર્ષે એટલે કે ૨૦૧૬માં મુક્તિ મળે તે હેતુથી વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે. પરંતુ ધોરણ-૧૧ પાસ કરી ધોરણ-૧૨ માં આવેલા વિદ્યાર્થીઓ માટે એક મુશ્કેલ અને હતાશાજનક પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તેઓને નીટની પરીક્ષા વર્ષ ૨૦૧૭માં ફરજિયાત આપવાની થશે. વાલીઓએ પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે, નીટ માટે પૂરક પુસ્તિકા છાપવામાં આવેલ છે તે પૂરતી નથી, આ માટે સમગ્ર અભ્યાસક્રમ જ બદલવો પડે તો જ ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ સૅન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓ સમકક્ષ ઊભા રહી શકે, જે આ વર્ષે શક્ય નથી.

જો આ વર્ષે ગુજરાત બોર્ડના ધોરણ-૧૨ના બી ગૃના વિદ્યાથીઓને મેડિકલ-પેરામેડિકલમાં પ્રવેશ માટે અત્યારની પદ્ધતિ પ્રમાણે ૬૦% સેમિસ્ટરના ગુણો અને GUJCATના ૪૦% ને બદલે નીટમાં મેળવેલા ગુણો એ પ્રમાણે મેરિટ બનાવવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે. ઉપરાંત નીટની પરીક્ષા ગુજરાતી ભાષામાં લેવામાં આવશે તેવી મૌખિક જાહેરાત કરાઈ છે, પરંતુ આ અંગેનો કોઈ પરિપત્ર હજુ સુધી થયો નથી, નીટ અંગેનું કોઈપણ સાહિત્ય ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ નથી, જેથી ગુજરાતી ભાષામાં અભ્યાસ કરતા હોંશિયાર વિદ્યાર્થીઓને પણ ખૂબ તકલીફ પડી રહી હોવાની રજૂઆત વાલીઓએ કહી છે.

## રોટરી ઈન્ટરનૅશનલના આસી. ગવર્નર પદે ગાંધીનગરના સમીર ત્રિવેદી



શહેરના અગ્રણી તથા રોટરી કલબ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ સમીર ત્રિવેદી (કૉસમૉસ ગૃપ)ની વરણી રોટરી કલબ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રીકટ ૩૦૫૧ના આસીસ્ટન્ટ ગર્વનર પદે કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રોટરી ઈન્ટરનોશનલના ડિસ્ટ્રીકટ ૩૦૫૧માં ઉત્તર ગુજરાત, કચ્છ તથા રાજસ્થાનના કેટલાક શહેરોની રોટરી કલબનો સમાવેશ થાય છે.

# ગુજરાતના ૧૦૦થી વધુ બાંધકામ કામદારો ઈન્ડિયા સ્કીલ કોન્ટેસ્ટ પૂર્વે પ્રાદેશિક સ્પર્ધામાં

## એનએસડીસી, ક્રેડાઈ સીએસઆર ફાઉન્ડેશન, કુશલ અને રૂસ્તમજી એકેડેમી ફોર ગ્લોબલ કેરિયર્સ ટીમનો એકજૂથ થઈને કૌશલ્યની ઉણપ દૂર કરવા સંયુક્ત પ્રયાસ

ગાંધીનગર, તા. ૨

સૅવી સ્વરાજની સાઈટ ખાતે યોજાયેલી સ્પર્ધામાં ગુજરાતના ૧૦૦ બાંધકામ કામદારો, કાનપુરમાં યોજાનાર ઈન્ડિયા સ્કીલ કોન્ટેસ્ટમાં સામેલ થવાની પાત્રતા કેળવી શકાય તે માટે સ્પર્ધામાં એક બીજાથી આગળ નીકળવા સજ્જ બન્યા હતા. શનિવારે ઈંટોના ચણતર તથા વૉલ અને ફ્લોર ટાઈલ્સની કામગીરીની સ્પર્ધા ક્રેડાઈના સ્થાનિક ચેપ્ટર દ્વારા હાથ ધરવામાં આવી હતી. નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સૂચનો અનુસાર ક્રેડાઈ સીએસઆર ફાઉન્ડેશને કુશળ તથા રૂસ્તમ ઍકેડેમી ફોર ગ્લોબલ કેરિયર્સની સહયોગથી આ સ્પર્ધા હાથ ધરી છે. દરેક રાજ્યના બે ટ્રેડના પર્ફોર્મર્સ (કુલ ૧૦) ને રાષ્ટ્રિય સ્તરની સ્પર્ધામાં સામેલ થશે અને આમાંથી ૪ને ૧૫ જુલાઈ, ૨૦૧૬ની આસપાસ યોજાનાર ઈન્ડિયા સ્કીલ કોમ્પિટીશનના વિજેતા જાહેર કરાશે. ક્વોલિફાય થયેલા કામદારો અબુધાબીમાં ૨૦૧૭માં યોજાનાર વર્લ્ડ સ્કીલ કોમ્પિટીશનમાં સામે થશે. ક્રેડાઈના પ્રેસિડેન્ટ-ઈલેક્ટ શ્રી જક્ષય શાહ જણાવે છે કે વર્લ્ડ સ્કીલ કોમ્પિટીશન દ્વારા શ્રેષ્ઠ કામગીરીના ગ્લોબલ હબનું નિર્માણ કરવા અને ઉદ્યોગ માટે સજ્જ કામદારો તૈયાર કરવા આ સ્પર્દા યોજાય છે. એક રીતે કહીએ તો આ પ્રયાસ દ્વારા આ સેક્ટર માટેની યોગ્ય પ્રતિભાઓ તૈયાર કરીને અછત નિવારવાનો આ એક પ્રયાસ છે. સ્કીલ બેંક ઉભી કરવાના વૈશ્વિક પ્રયાસોમાં સામેલ થઈને ક્રેડાઈ આ સ્પર્ધાના સહયોગી બનવાનું ગૌરવ અનુભવે છે. ક્રેડાઈ અમદાવાદ ખાતે આ કામગીરીમાં સહભાગી થવા અમે ઉત્તમ પ્રયાસ કરી રહ્યા છીએ.

આ પ્રયાસને કારણે ગુજરાતમાં વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા લોકોને પ્રોત્સાહન મળશે તેમ ક્રેડાઈ સ્કીલ કમિટિના ચેરમેન શ્રી જીતેન્દ્ર ઠક્કર જણાવે છે. વર્લ્ડ સ્કીલ કોમ્પિટીશન માટે વધુ નોમિનેશન જુલાઈના બીજા અર્ધવાર્ષિક ગાળામાં મંગાવવામાં આવશે, પરંતુ રાષ્ટ્રિય સ્તરની સ્પર્ધાના ૪ સ્પર્ધકો આપમેળે વર્લ્ડ સ્કીલ કોમ્પિટીશનમાં પણ ફાયનલ રાઉન્ડમાં પસંદગીને પાત્ર બનશે. ગાઈહેડના પ્રેસિડેન્ટ શ્રી દિપક પટેલ જણાવે છે કે કામદારો પોતાની ઉત્તમ ક્ષમતા દર્શાવવા સજ્જ થયા છે તે બાબત આવકાર્ય છે. વૈશ્વિક ધોરણો સાથે કદમ મિલાવવા માટે અન્ય કામદારો પણ પોતાની ઉત્તમ કામગીરી દર્શાવવા કૌવત દાખવવા પ્રયાસ કરશે.

અતુલ રાય-ડીજી અને સીઈઓ, ક્રેડાઈ, શેખર પટેલ-ટ્રેઝરર નેશનલ ક્રેડાઈ, અજય પટેલ-સેક્રેટરી ક્રેડાઈ ગુજરાત અને ક્રેડાઈ સ્કીલીંગ કમિટીના કન્વીનર શ્રી જે.પી શ્રોફ સ્પર્ધાના સ્થળે હાજર રહ્યા હતા. કામદારો માટે આ સ્પર્ધામાં સામેલ થવાના માપદંડ તરીકે તેમની ડ્રોઈંગ વાંચીને તેનું વિશ્લેષણ કરવાની ક્ષમતા, સામગ્રી અંગેનો અંદાજ તથા કામ પૂરૂ કરવામાં લેવાતો સમય અને કામના સ્થળે સમસ્યા ઉકેલવાની ક્ષમતાને ધ્યાનમાં લેવામાં આવશે. નવા આધુનિક સાધનો અને સામગ્રી અંગે ઊંડુ જ્ઞાન અને સમજ પણ સ્પર્ધામાં ભાગ લેવા માટે જરૂરી બનશે. સ્પર્ધામાં સામેલ થનારની જન્મ તારીખ ૧ જાન્યુઆરી, ૧૯૯૫ પહેલાંની નહીં હોવી જોઈએ.

## માત્ર ૬ વર્ષની વયે રોજાનો આરંભ



ગાંધીનગર, તા. ૨

રુહાનાભાઈ ઈમરાનભાઈ મનસુરીએ રમઝાન માસ નિમિત્તે પચીસમા રોઝા નિમિત્તે પ્રથમ રોઝો માત્ર ૬ વર્ષની વયે રાખી અલ્લાહતઆલાની બંદગી કરી હતી. પેથાપુરના રહેવાસી રુહાનને આ પ્રથમ રોજા બદલ પરિવારજનો, સ્નેહીજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસના પહેલા સપ્તાહનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**